# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-12-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************************

1) મુંબઈ બોટ દુર્ઘટનામાં તેર લોકોના મોત –મૃતકોના પરિવારોને સાત લાખ રૂપિયાની સરકારની સહાયની જાહેરાત

2) એક રાષ્ટ્ર એક ચૂંટણી સંબંધિત વિધેયક કેન્દ્ર સરકાર સંયુક્ત સંસદીય સમિતિને સોંપશે

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં જમ્મુ કાશ્મરની વ્યવસ્થા અંગેની ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરશે.

4) બહેરીનમાં ધરપકડ કરાયેલા તમિલનાડુના 28 માછીમારો ભારત સરકારના પ્રયત્નથી સ્વદેશ પરત ફર્યા

5) ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું મસાલી ગામ સૌર ઉર્જા પર ચાલતું દેશનું પ્રથમ સરહદી ગામ બન્યું

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - MUMBAI BOAT- EX GRATIA

મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયાથી એલિફન્ટા ગુફાઓ તરફ મુસાફરોને લઈ જતી એક ફેરી બોટ ગઈકાલે સાંજે કરંજા નજીક પલટી મારતા તેર લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મુંબઈમાં બોટ દુર્ઘટનામાં 13 પીડિતોમાંથી 10 નાગરિકો અને અન્ય ત્રણ નૌકાદળના કર્મચારીઓ છે. અન્ય બે ગંભીર રીતે ઘાયલ છે તેમની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અત્યાર સુધીમાં કુલ 101 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. શ્રી ફડણવીસે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનોને 5 લાખ રૂપિયાની રાહત પણ જાહેરાત કરી છે.

(દેવેન્દ્ર ફડણવીશ – બાઈટ)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ ઘાયલ લોકોના સ્વસ્થ થવાની પ્રાર્થના કરી અને કહ્યું કે અસરગ્રસ્તોને અધિકારીઓ દ્વારા મદદ કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે.

# JPC---ONOE.RTF

કેન્દ્ર સરકાર આજે 31 સાંસદોની બનેલી સંયુક્ત સંસદીય સમિતિ JPCને એક રાષ્ટ્ર એક ચૂંટણી સંબંધિત વિધેયક મોકલશે. સૂચિત JPCમાં 21 લોકસભા અને 10 રાજ્યસભાના સાંસદો હશે. જેમાં ભાજપના પીપી ચૌધરી, અનુરાગ સિંહ ઠાકુર, અને પરષોત્તમ રૂપાલા, કોંગ્રેસના પ્રિયંકા ગાંધી અને મનીષ તિવારી, ટીએમસીના કલ્યાણ બેનર્જી, એનસીપી(એસપી)ના સુપ્રિયા સુલેનો સમાવેશ થાય છે.

# AMIT SHAH-J&K MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં જમ્મુ અને કાશ્મીરની સ્થિતિ પર વિશેષ ભાર મૂકવાની સાથે પ્રાથમિક રીતે જટિલ સુરક્ષા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા પણ આ બેઠકમાં હાજરી આપશે, જેનો ઉદ્દેશ્ય જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટેની વ્યૂહરચનાઓની સમીક્ષા કરવાનો છે.આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે.

# PRIME MINISTER-NETHERLANDS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નેધરલેન્ડના પ્રધાનમંત્રી ડિક શૂફે એ બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે ટેલિફોનીક વાતચીત કરી હતી. શ્રી શૂફેએ આ માટે પ્રધાનમંત્રી મોદીને ફોન  કર્યો હતો. બંને નેતાઓએ ભારત અને નેધરલેન્ડ વચ્ચેની વિશ્વસનીય અને મૂલ્યવાન ભાગીદારીને રેખાંકિત કરી હતી. બંને નેતાઓએ ભારત અને નેધરલેન્ડના નાગરિકો વચ્ચે ગાઢ સંબંધો બાંધવા અને શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં આદાનપ્રદાન વધારવા પર ભાર મૂક્યો હતો.

# BAHRAIN - INDIAN FISHERMEN

તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લાના 28 ભારતીય માછીમારો સ્વદેશ પરત ફર્યા છે. સપ્ટેમ્બર 2024માં કથિત રીતે બહેરીનમાં ગેરકાયદે પ્રવેશ કરવા બદલ ધરપકડ કરાઈ હતી.

બહેરીનમાં ભારતીય દૂતાવાસે માછીમારો માટે તાત્કાલિક કાયદાકીય પ્રતિનિધિત્વની નિમણૂક કરીને નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. જેને લઈ માછીમારાની છ મહિનાની સજા ઘટાડીને ત્રણ મહિના કરવામાં આવી હતી. આ ઘટના વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા અને બહેરીન સાથે મજબૂત રાજદ્વારી સંબંધો જાળવવા માટે ભારત સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# NEPAL FOREIGN MINISTER-INDIA

નેપાળના વિદેશમંત્રી આરઝુ રાણા દેઉબા આજે ત્રણ દિવસની મુલાકાતે ભારત આવશે અને તેઓ એક સત્તાવાર કાર્યક્રમમાં હાજરી આપશે. નવી દિલ્હીમાં તેઓ EGROW ફાઉન્ડેશન અને કાઠમંડુ યુનિવર્સિટી-નેપાળ સેન્ટર ફોર કન્ટેમ્પરરી સ્ટડીઝ દ્વારા સંયુક્ત રીતે આયોજિત ભારત-નેપાળ કાર્યક્રમમાં સંબોધન કરશે.

આવતીકાલે યોજાનારી પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના આર્થિક વિકાસને દર્શાવવાનો, ક્ષેત્રીય સહયોગને પ્રોત્સાહન આપવાનો અને ક્ષેત્રના દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે. શ્રી દેઉબા 21 ડિસેમ્બરે તેમની મુલાકાત પૂરી કરીને કાઠમંડુ પરત ફરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# GUJARAT- MASALI VILLAGE

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું મસાલી ગામ સૌર ઉર્જા પર ચાલતું દેશનું પ્રથમ સરહદી ગામ બન્યું છે. પાકિસ્તાન બોર્ડરથી 40 કિલોમીટર દૂર આવેલા આ ગામની વસ્તી માત્ર ૮00 છે.

જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસોને કારણે આ ગામ હવે સંપૂર્ણપણે સૌર ઉર્જા પર ચાલતું ગામ બની ગયું છે. આ ગામના કુલ 119 ઘર પર સૉલાર રૂફટૉપ લગાવવામાં આવ્યા છે. આ તમામ ઘરોમાં 225 કિલોવૉટથી વધુની વીજળી મળી રહી છે. આ અંગે વિસ્તૃત અહેવાલ આપી રહ્યા છે આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અર્પણા ખુંટ

(ઓડિયો)

# IMD

ભારતીય હવામાન વિભાગએ આગામી 5 થી 6 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના મુખ્ય ભાગોમાં ઠંડીનું મોજુ ફરી વળવાની આગાહી કરી છે. આગામી 2 થી 3 દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને પંજાબમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળે તેવી શક્યતા વ્યક્તિ કરી છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હરિયાણા અને પશ્ચિમ રાજસ્થાનમાં આગામી 2 દિવસ દરમિયાન ઠંડીની લહેર જોવા મળી શકે છે.

હવામાન વિભાગે પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની પણ આગાહી કરી છે. આગામી 2 દિવસ દરમિયાન મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાન 3 થી 4 ડિગ્રી સેલ્સિયસ અને પૂર્વ ભારતમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ વધવાની સંભાવના છે. આ દરમિયાન, હવામાન વિભાગે દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ અને આજે રાયલસીમામાં ભારે વરસાદની આગાહી કરી છે.

# WEIGHTLIFTING CHAMPIONSHIPS

એશિયન યુવા અને જુનિયર વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2024 આજથી કતારના દોહામાં શરૂ થશે. સ્પર્ધાઓ 40 કેટેગરીમાં યોજાશે. 15 ભારતીય વેઇટલિફ્ટર જુનિયર વિભાગમાં ભાગ લેશે. જેમાંથી ભારતની માર્ટિના દેવી મૈબામ એશિયન જુનિયર ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. અને ધનુષ લોગનાથન પુરુષોની સ્પર્ધાઓમાં ભારતને ચંદ્રક અપાવવા આ સ્પર્ધામાં ભાગ લેશે.

# INDIA-WEST-INDIES-T20I.RTF

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મહિલા T20 ક્રિકેટ શ્રેણીની ત્રીજી અને છેલ્લી મેચ આજે નવી મુંબઈમાં DY પાટિલ સ્પોર્ટ્સ એકેડમી ખાતે રમાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. સીરીઝમાં બંને ટીમો 1-1 થી બરાબર છે.

# 3RD WORLD TENNIS LEAGUE CHAMPIONSHIP

ત્રીજી વિશ્વ ટેનિસ લીગ સ્પર્ધા આજથી અબુ ધાબીમાં શરૂ થશે. આ સ્પર્ધા 22 ડિસેમ્બર સુધી ચાલશે. તેમાં ચાર ટીમો ભાગ લઈ રહી છે. અબુ ધાબીના એતિહાદ એરેનામાં આજથી 22 ડિસેમ્બર દરમિયાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રીજી વિશ્વ ટેનિસ લીગ સ્પર્ધા ફાઈનલ 22 ડિસેમ્બરે યોજાશે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના તમામ અખબારોમાં મુંબઇમાં બનેલી બોટ દુર્ઘટનાના સમાચાર પ્રથમ પેજ ઉપર જોવા મળી રહ્યાં છે. આંબેડકર મુદ્દે સંસદમાં શાસક અને વિપક્ષ આમને સામને રશિયાએ કેન્સરની રસી શોધવાનો દાવો કર્યો હોવાના સમાચાર દરેક અખબારના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

2) સંદેશ અખબારે મુંબઇમાં નેવીની સ્પિડ બોટની ટક્કરથી ફેરી બોટ પલટી 13નાં મોતના હેડિગ સાથે સમાચાર પ્રકાશિત કર્યાં છે..

3) આંબેડકર મુદ્દે સંસદ સમરાંગણ બની, બંને ગૃહો ઠપ્પના મથાળા સાથે આ સમાચાર ગુજરાત સમાચારે પ્રકાશિત કર્યા છે.

4) દિવ્ય ભાસ્કર અને ફુલછાબ દૈનિકે રશિયા દ્વારા શોધાયેલી કેન્સરની રસીના સમાચારને મુખ્ય સમાચાર બનાવ્યાં છે.

5) અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે અમિત શાહના રાજીનામાની વિપક્ષ દ્વારા માંગણીના સમાચાર મુખ્ય પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.

6) સ્પોર્ટસ પેજ ઉપર દરેક અખબારે ભારત અને ઓસ્ટ્રેલિયાની ત્રીજી ટેસ્ટ નાટકિય વળાંક સાથે ડ્રોમાં પરિણમી અને ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિનની અચાનક નિવૃત્તિની જાહેરાતના સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.

7) જ્યારે આંતરરાષ્ટ્રીય પેજ ઉપર તમામ અખાબારોએ ભારત અને ચીનની વાટાઘોટોના અહેવાલોને પણ તસ્વીર સાથે પ્રકાશિત કર્યા છે..

8) રાજ્યના સ્થાનિક સમાચારમાં સિવિલ હોસ્પિટલના આઇસીયુ વોર્ડમાં ભૂવાની તાંત્રિક વિધિના સમાચાર તમામ અખબારોએ કવર કર્યા છે.